બિડાણઃ સેકશન અધિકારી,કૃષિ અને સહકાર વિભાગ,સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૩૨૦૧૩/ ૨૦૬/મ.૩ તાઃ૧૯.૩.૨૦૧૩

વિષયઃ નેત્રહિન અને વિકલાંગ કર્મચારીઓ/ અધિકારીઓ માટે કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C./ C.C.C.$^{+}$ પરીક્ષા માટેના કેન્દ્રોને માન્યતા આપવા બાબત....

---

**જા.નં.નકૃયુ/રજી/અ.૩.૩/ ૪૯૨૭-૬૬ /૨૦૧૩.** **તારીખઃ૧૦/૪/૨૦૧૩.**

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**સામેલઃ** ઉપર મુજબ.

**નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂં :-**

(૧) નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂં.

નેત્રહીન અને વિકલાંગ કર્મચારીઓ / અધિકારીઓ માટે કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C. / C.C.C.+ પરીક્ષા માટેના કેન્દ્રોને માન્યતા આપવા બાબત.

કૃષિ અને સહકાર વિભાગ
ક્રમાંક ........ 190317
15 MAR 2013
શાખા..........................

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૬-૧૧૮૦-ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૧૧-૩-૨૦૧૩

વંચાણે લીધા ::-

(૧) સામાન્ય વહીવટ વિભાગનું તા. ૩૦-૯-૨૦૦૬ નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૦૦૬-૩૧-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-ક

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦-૯-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક : પરચ- ૧૦૨૦૦૫-૧૫૩૨-ક

(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૬-૫-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૬-૧૧૮૦-ક

(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૧૯-૧-૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૬-૧૧૮૦-ક

ઠરાવ ::-

સામાન્ય વહીવટ વિભાગના ઉપર સંદર્ભ-(૧) આગળના તારીખ ૩૦-૯-૨૦૦૬ ના જાહેરનામથી બહાર પડાયેલ "કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો-૨૦૦૬ " ની જોગવાઇઓ હેઠળ રાજય સરકારના કર્મચારીઓ/અધિકારીઓ માટે સીધી ભરતી / બઢતીથી નિમણૂંક પ્રસંગે, કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત C.C.C./C.C.C.+ ની પરીક્ષા પાસ કરવાનું ફરજીયાત બનાવાયેલ છે. અને સામાન્ય વહીવટ વિભાગના ઉપર સંદર્ભ-(૨) આગળના તા. ૩૦-૯-૨૦૦૬ ના ઠરાવથી "કોમ્પ્યુટર કૌશલ્ય" ની તાલીમ અને પરીક્ષા માટેની કાર્ય પદ્ધતિ નકકી કરવામાં આવી છે.

૨. સામાન્ય વહીવટ વિભાગના ઉપર સંદર્ભ-(૪) આગળના તા. ૧૯-૧-૨૦૧૨ ના ઠરાવથી, તેની સાથે સામેલ પરિશિષ્ટમાં ઉલ્લેખિત પાંચ ખાનગી સંસ્થાઓને, નેત્રહીન અને વિકલાંગ સરકારી કર્મચારીઓ / અધિકારીઓને કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C./C.C.C.+ ની પરીક્ષા લેવા માટેના કેન્દ્રો તરીકે તા. ૩૦-૬-૨૦૧૨ સુધી માન્યતા આપવાના હુકમો કરવામાં આવેલ.

૩. હવે આ સાથેના પરિશિષ્ટમાં ઉલ્લેખિત ઉક્ત પાંચ ખાનગી સંસ્થાઓને, નેત્રહીન અને વિકલાંગ કર્મચારીઓ / અધિકારીઓ માટે, નીચેની શરતોને આધિન આથી પરીક્ષા કેન્દ્રો તરીકેની માન્યતા આપવામાં આવે છે.

(૧) આ માન્યતા તા. ૩૦-૬-૨૦૧૩ સુધીની મુદત માટે આપવામાં આવે છે.

(૨) આ સંસ્થાઓએ સ્પીપા / આઇ.ટી.આઇ. / ગુજરાત ટેકનિકલ પરીક્ષા બોર્ડ દ્વારા જે અધિકારીના નામનું સૂચન કરવામાં આવે તેમના નિરીક્ષણ અને સુપરવિઝન હેઠળ પરીક્ષાનું આયોજન કરવાનું રહેશે.

(૩) આ સંસ્થાઓએ આ પરીક્ષાના સંચાલન માટે સ્પીપા / આઇ.ટી.આઇ. / ગુજરાત ટેકનિકલ પરીક્ષા બોર્ડના જે માનવ સંસાધનની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે, તેઓને મળવાપાત્ર ભથ્થાઓની ચૂકવણી કરવાની રહેશે.

(૪) આ સંસ્થાઓને સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦-૯-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, થી નિયત કરાયેલ પરીક્ષા ફી ચૂકવવાની રહેશે તથા આ પરીક્ષા બાબતે ઉક્ત ઠરાવ તથા ત્યારબાદના વખતો વખતના હુકમોથી પ્રસિધ્ધ કરાયેલ અન્ય સૂચનાઓ લાગુ પડશે.

૫. સચિવાલયના સર્વે વિભાગને ઉક્ત સૂચનાઓ તેમના વહીવટી નિયંત્રણ હેઠળના સર્વે ખાતાના વડાઓ / કચેરીના વડાઓના ધ્યાન પર લાવવા અને તેનું ચુસ્ત પાલન થાય તે જોવા જણાવવામાં આવે છે. (સંબંધિત ખાતાના વડાઓ અને કચેરીના વડાઓએ આ સૂચનાઓ તેમના વહીવટી નિયંત્રણ હેઠળના અધિકારી/કર્મચારીઓના ધ્યાને લાવવાની રહેશે.)

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. કે. પટેલ)
ઉપસચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી
માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- ઉપસચિવશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ગાંધીનગર
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ-૧૫
- નિયામકશ્રી, રોજગાર અને તાલીમ / ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ, ગાંધીનગર
- માહિતી નિયામકશ્રી, ગાંધીનગર - જાહેર પ્રસિધ્ધિ અર્થે
- સચિવાલયના સર્વે વિભાગો
- સર્વે ખાતાના વડાઓ (ખાતાના વડા હેઠળની કચેરીઓને ઉકત સૂચનાઓ મોકલવાની વિનંતી સાથે)
- રાજય સરકારના સર્વે બોર્ડ / કોર્પોરેશન.
- એકઝીકયુટીવ, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, GSWAN ઉપર પ્રસિધ્ધિ અર્થે.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
- સિલેકટ ફાઇલ.

❖ પત્ર દ્વારા.

પરચ/૧૩૨૦૧૩/૧૦૬/ક-૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૮/૩/૨૦૧૩

પ્રતિ,
— સેક્શન અધિકારીશ્રી, સર્વે શાખાઓ,
કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય.
— વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા/બોર્ડ/નિગમ/સંઘો/કૃષિ યુનિ.ઓ
→ જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

(સહી)
સેક્શન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

ઉપસચિવ વિભાગ ... ક્ર. ૨૧૧૧
તા. 28 MAR 2013
શાખા-૩

A-2-1 & A-3-3
2 6 MAR 2013
પરચ-૧૦૨૦૦૬-૧૧૮૦-ક

2 6 MAR 2013

પરિશિષ્ટ

સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧-૩-૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૬-૧૧૮૦-ક સાથેનું બિડાણ.

| ક્રમ | સંસ્થાનું નામ અને સરનામું. | ઝોનનું નામ | ઝોનમાં સમાવિષ્ટ જિલ્લાઓ |
|---|---|---|---|
| ૧. | અંધજન મંડળ,<br>ડૉ. જગદીશ પટેલ ચોક,<br>સુરદાસ માર્ગ, વસ્ત્રાપુર,<br>અમદાવાદ | મધ્ય ઝોન | અમદાવાદ, ખેડા, આણંદ, ગાંધીનગર, મહેસાણા અને સાબરકાંઠા |
| ૨. | અંધજન કલ્યાણ ટ્રસ્ટ,<br>સ્ટેશન રોડ,<br>મું.પો.તા. ધોરાજી, જિ. રાજકોટ | પશ્ચિમ ઝોન | રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, ભાવનગર અને અમરેલી. |
| ૩. | બ્લાઇન્ડ વેલફેર કાઉન્સિલ,<br>પંચમુખી હનુમાન મંદિર સામે,<br>મંડાવ રોડ, દાહોદ | પૂર્વ ઝોન | દાહોદ, પંચમહાલ, વડોદરા, ભરૂચ અને નર્મદા. |
| ૪. | રાષ્ટ્રીય દ્રષ્ટિહીન કલ્યાણ સંઘ,<br>વલસાડ જિલ્લા શાખા, નાનકવાડા<br>રોડ, દત્ત મંદિર પાસે, વલસાડ | દક્ષિણ ઝોન | સુરત, વલસાડ, તાપી, ડાંગ અને નવસારી. |
| ૫. | વિકલાંગ વિદ્યાવિહાર,<br>મુ.પો. માધાપુર, કચ્છ-ભૂજ | ઉત્તર ઝોન | કચ્છ, સુરેન્દ્રનગર, બનાસકાંઠા અને પાટણ. |

(કે.કે.પટેલ)
ઉપસચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.